PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૮/ક્વા–૦૧/૧૭–૧૮/ ૪૯૭૪ તા. ૧૨/૦૭/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
અનિલભાઈ હદયકાન્ત રાવલ અને બીજા ૦૬ ગ્રાહકો,
ગોવિંદનગર વિસ્તાર મા આવેલા,
મહાદેવ એરીયા,
ગામ: મોવિયા
તા.ગોંડલ,
જી. રાજકોટ

વિષય :–પાવર સપ્લાય બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૪–૦૬–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૭૮/ક્વા–૦૧/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૨ )

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ગોંડલ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૧, ગોંડલ

…સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

NO: 04 [A]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)


પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com


| કેસ નં. : સીજીઆરએફ : ૭૮/ક્વા–૦૧/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૧૧–૦૭–૧૭ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: અનિલભાઈ હૃદયકાન્ત રાવલ અને બીજા ૦૬ ગ્રાહકો, ગામ: રાજકોટ**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે તુલશીભાઈ ગોવિંદભાઈ ટાઢાણી હાજર રહેલ હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૧, ગોંડલ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ગોંડલ)**

**રજુઆત કરનાર :વી.જી.મારકણા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી ગોંડલ)**

---

## : હુકમ :

**ફરીયાદ : પાવર સપ્લાય બાબત**

**મુદ્દા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના, ગામ: મોવિયા ખાતે ના ગોવિંદનગર વિસ્તાર ના, ઢાળ વાળા રસ્તાની નજીક, જેઠાભાઈ ગોરધનભાઈ ખુટ ના મકાન પાસે આવેલ ટ્રાન્સફોર્મર મા, છેલ્લા ઘણા સમય થી અપુરતા વોલ્ટેજ મળતા હોય, તેઓ શ્રી ના રહેઠાંણ ના જોડાણો ના ઉપકરણો, ઓછા વોલ્ટેજ ના કારણોસર ચાલુ થતા ન હોય, આવા કારણોસર ઘણીજ વિટંબણાઓ રહેતી હોય, સદર ફરીયાદ નુ કાયમી ધોરણે નિરાકરણ કરવા માટે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ના જણાવ્યા મુજબ ના, તેમના ગામ: મોવિયા ખાતે ના ગોવિંદનગર વિસ્તાર ના, ઢાળ વાળા રસ્તાની નજીક, જેઠાભાઈ ગોરધનભાઈ ખુટ ના મકાન પાસે આવેલ ટ્રાન્સફોર્મર મા, છેલ્લા ઘણા સમય થી અપુરતા વોલ્ટેજ મળતા હોવાની ફરીયાદ ના અનુસંધાને, પીજીવીસીએલ ની સબંધક કચેરી ના નાયબ ઈજનેર તરફથી, સદર જગ્યા ની રૂબરૂ મુલાકાત લઈ, હૈયાત વીજઈન્ફ્રાસ્ટ્રકચર અને હૈયાત ટ્રાન્સફોર્મર, તેમજ સદર વીજઈન્ફ્રાસ્ટ્રકચર અને ટ્રાન્સફોર્મર પર ના હૈયાત વીજભાર વગેરે તમામ બાબતો ને નજરસમક્ષ રાખીને, ચકાસણી કરવામા આવેલ હતી. જે મુજબ, ફરીયાદી શ્રી ઓ ની ફરીયાદ યોગ્ય અને વ્યાજબી જણાયેલ હતી. |
| ૨.૨ | જેથી, સદર વિસ્તાર મા – એટલેકે, ગોવિંદનગર વિસ્તાર ના કુલ વીજભાર ના, હૈયાત એવા ૦૧ ટ્રાન્સફોર્મર ની ક્ષમતા પુરી થતી હોય, વધારાનુ ટ્રાન્સફોર્મર લગાડવાની બાબત, તાંત્રીક દ્રષ્ટીએ જરૂરી જણાયેલ હોય, આ વિસ્તાર ના કુલ વીજભાર ને, '' હૈયાત એક ટ્રાન્સફોર્મર ને બદલે, વધારાના ૦૨ ટ્રાન્સફોર્મર ઉભા કરી, એમ કુલ ૦૩ ટ્રાન્સફોર્મર મા વિભાજીત કરવા માટે '' ની કામગીરી, '' જે, આશરે ૮૦૦ મીટર નવી ૧૧ કેવી લાઈન, જેમા ૦૧ કીમી એલટીએબી કેબલ, તેમજ એક વધારાનુ ટ્રાન્સફોર્મર વગેરે ઉભુ કરવા બાબતે ની '' કુલ રૂ.૧૧.૭૨ લાખ ના ખર્ચ ની કામગીરી સાથે ની દરખાસ્ત – એસ.આર.નંબર: ૯૭૭૩૪૮૨ થી, સક્ષમ કચેરી સમક્ષ રજુ કરાયેલ છે. જેની , મંજુરી મળ્યે, સદર વિસ્તાર ના કુલ વીજભાર ને, હૈયાત એક ટ્રાન્સફોર્મર માથી, મંજુર કરાયેલ એવા કુલ ૦૨ ટ્રાન્સફોર્મર સાથે ના, કુલ ૦૩ ટ્રાન્સફોર્મર મા – વીજભાર વિભાજીત થતા, સદર વિસ્તાર ના અપુરતા વોલ્ટેજ ની સમસ્યા નુ કાયમી ધોરણે નિરાકરણ થશે. |

**મુદ્દા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બંન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી |

| | |
|---|---|
| | નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદ્દા નં. ૨.૨ મુજબ ની વિગતે ની, '' ફરીયાદી અરજદાર ના સદર ગોવિંદનગર વિસ્તાર ના, કુલ વીજભાર ને, વધારાના ટ્રાન્સફોર્મર લગાડી, અને તે મુજબ, વીજભાર ને વિભાજીત કરવા બાબતે ની '' કામગીરી સબબ ની, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, સક્ષમ કચેરી સમક્ષ, હાલ ના તબ્બકે દરખાસ્ત રજુ થયેલ છે. જેથી, પીજીવીસીએલ પક્ષકાર ના ફોરમ સમક્ષ ના અભિપ્રાય મુજબ ની, સદર દરખાસ્ત ને, દિન–૧૦ મા જ, સક્ષમ કચેરી કક્ષાએથી મંજુર કરી – અને તે મંજુરી મળ્યા બાદ, મળેલ તાંત્રીક મંજુરી મુજબ ની કામગીરી, જે અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૩૦ મા જ – ફરીયાદી અરજદાર શ્રી ની, જાણકારી હેઠળ, તેમજ તેમના લેખીત સંમંતીપત્ર હેઠળ સંપન્ન કરી, અને તે મુજબ નો અહેવાલ, ફોરમ સમક્ષ રજુ કરવા સબબ નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે નો – એટલેકે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, ફોરમ સમક્ષ રજુ કરાયેલ એવા, પીજીવીસીએલ પક્ષકાર ના મુદ્દા નં. ૨.૨ મા વર્ણવ્યા મુજબ ની વિગતે ની, ફોરમ સમક્ષ ના અભિપ્રાય સાથે ની વિગતો વાળી, ફરીયાદી અરજદાર શ્રી ના વિસ્તાર ના, અપુરતા વોલ્ટેજ ના નિવારણ બાબતે ની, તમામ કામગીરી, જે અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૩૦ મા જ – ફરીયાદી અરજદાર શ્રી ની, જાણકારી હેઠળ, તેમજ અરજદાર શ્રી ના લેખીત સંમંતીપત્ર હેઠળ સંપન્ન કરી, અને તે મુજબ નો અહેવાલ, ફોરમ સમક્ષ રજુ કરવા સબબ નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**ગેરહાજર**
**(એચ.પી.કોઠારી)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**નોંધ** જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રણ આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમ ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં કરવો જરૂરી છે.